# જિલ્લામાં કાયમી ફટાકડાના વેપારીઓ દ્વારા દર ૩-૫ વર્ષે પરવાના રીન્યુઅલ કરવા માંગ

**વર્ષો વર્ષ પરવાના રીન્યુઅલ કરવા પડતા હોવાથી સમયનો બગાડ**

બાયડ, તા.૧૨

રાજ્ય સરકાર તમામ પ્રકારની કામગીરી ઓનલાઈન અને સરળતાપૂર્વક થાય તેવા પ્રયાસ કરી રહી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૨૦૦ થી વધુ કાયમી ફટાકડાના વેપારીઓ દ્વારા દર વર્ષે પરવાના રીન્યુઅલ કરવાની જંજટમાંથી મુક્તિ અને દર ૩-૫ વર્ષે પરવાના રીન્યુઅલ થાય તેવી સીસ્ટમ ઉભી કરવા માંગ કરી છે. વર્ષો વર્ષ પરવાના રીન્યુઅલ કરવા પડતા હોવાથી સમયનો બગાડ થઈ રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે દિવાળીના ૧૫ દિવસ અગાઉ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં હંગામી ફટાકડાના સ્ટોલ ઉભા કરવા માટે આવેદન માંગ્યા પછી મંજૂરી આપવામાં આવે છે. જ્યારે કાયમી ફટાકડાના વેપારીઓને પણ હંગામી ફટાકડાના સ્ટોલ ધારકોની જેમ જ પરવાનો દર વર્ષે રીન્યુ કરવાનો હોય છે ત્યારે સરકાર દ્વારા હવે તેમાં સુધાર લાવીને દર ૩ કે ૫ વર્ષે ફટાકડાના કાયમી વેપારીઓના પરવાના રીન્યુ થાય તે પ્રકારની સીસ્ટમ ઉભી થાય તો સરકારની તિજોરીને મહત્તમ આવકની સાથે જિલ્લાની પ્રાંત કચેરીઓમાં કામનું ભારણ પણ આપોઆપ ઘટી શકે છે. ફટાકડાના પરવાનેદાર વિનોદભાઈએ જણાવ્યું કે કેટલાક ફટાકડાના વેપારીઓ રીન્યુ માટે જાય છે ત્યારે જવાબદાર અધિકારી કોઈ કામ માટે બહાર ગયા હોય તો ધક્કા પડતો હોય છે. તેમજ અન્ય કામ આવી જવાથી પણ પરવાના રીન્યુ કરવામાં ક્યારેક વિલંબ થતો હોય છે તેના કરતાં હથિયારોના પરવાના જેમ દર ૩ અને ૫ વર્ષે રીન્યુઅલ થાય છે તે રીતે કાયમી ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓના પરવાના પણ એ જ પ્રકારની પદ્ધતિથી રીન્યુ કરાવવા જોઈએ.

# ડીસા એરોડ્રામ શરૂ કરવા માટે સાંસદ અનાવાડીયાની રાજ્ય સભામાં રજૂઆત

**અગાઉ અંબિકા એરલાઇન્સ ચાલતી હતી**

પાલનપુર તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના જુનાડીસાના વતની અને રાજયસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયાએ રાજ્યસભામાં પ્રશ્ન ઉઠાવ્યો હતો. જેમાં ઘણા સમયથી બંધ રહેલા ડીસાના એરોડ્રામને શરૂ કરવા માટે તેમણે રજૂઆત કરી હતી. આ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતનું એકમાત્ર ડીસાનું એરોડ્રામ છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જ્યાં આઝાદી બાદ અંબિકા એરલાઈન્સ સર્વિસ ચાલુ હતી.ત્યારબાદ વાયુદૂત કંપનીએ પણ આ એરોડ્રામ શરૂ થાય તે માટેના પ્રયાસ કર્યા હતા, પરંતુ તે શરૂ થઈ શક્યું ન હતું. અત્યારે એરોડ્રામની ચારે તરફની સંરક્ષણ દિવાલ કરાયેલી છે.




હવાઈ પટ્ટી પણ તૈયાર છે. ડીસા સહિત બનાસકાંઠા જિલ્લાના વેપારીઓ ડાયમંડ, બટાટા જેવા વ્યવસાય સાથે જોડાયેલા છે. વળી બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે ઐતિહાસિક એવા માં અંબાનું અંબાજી ખાતે શક્તિપીઠ પણ આવેલું છે. જ્યાં વર્ષે દહાડે દેશ-વિદેશના લાખો ભાવિકો દર્શનાર્થે આવે છે. આ એરોડ્રામ શરૂ થાય તો નજીકના જિલ્લા એવા પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણા ના લોકોને પણ તેનો લાભ મળે તેમ છે. તેમને આ એરોડ્રામ અંગેની જરૂરિયાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. જ્યારે વધુમાં જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાનું ડીસા શહેર પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સીમાથી ૧૩૦ કિલોમીટર દૂર આવેલું છે. વળી દક્ષિણ રાજસ્થાનની આંતરરાજ્ય સીમા સાથે પણ જોડાયેલો જિલ્લો છે. રાજસ્થાનના સાંચોર, બાડમેર, પાલીના લોકો માટે પણ આ એરોડ્રામ શરૂ થાય તો ઉપયોગી બને તેમ છે. જેથી ડીસાની આ એરોડ્રામ શરૂ કરવામાં આવે તેવી સાંસદ દિનેશભાઈ અનાવાડીયાએ રાજ્યસભામાં મુદ્દો ઉઠાવીને માગણી કરી હતી.

# ગુજરાત મેઘરજના ઉદ્યોગપતિ દંપતીની મોટેલ પર ગુંડાઓ ત્રાટકી ફાયરીંગ કરી હત્યા કરતા ચકચાર

**વતનમાં ગમગીની છવાઈ**

મોડાસા, તા. ૧૨

ગુજરાતના અનેક લોકો ધંધાર્થે અને નોકરી સહીત અભ્યાસ માટે વિદેશની વાટ પકડી સ્થાઈ થયા છે અમેરિકા સહીત અન્ય દેશમાં ભારતીયોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે છેલ્લા કેટલાક વર્ષમાં અમેરિકામાં વસતા ભારતીયોની હત્યાના બનાવો વધી રહ્યા છે અમેરિકાના વિવિધ સ્ટેટમાં ગુજરાતીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી મોટેલ સહીત અનેક ધંધા પર પકડ જમાવવામાં સફળ રહ્યા છે અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરના વૈષ્ણવ દંપતિની પર ગુંડાઓએ ગોળીઓ ધરબી દઈ હત્યા કરતા અમેરિકામાં વસવાટ કરતા ગુજરાતીઓમા ફફડાટ ફેલાયો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર,મેઘરજ નગરના દંપત્તી રજનીકાંત વલ્લભદાસ શેઠ અને તેમના પત્ની નિરીક્ષાબેન છેલ્લા કેટલાક વર્ષોથી અમેરિકા વ્યવસાય અર્થે સ્થાયી થયા હતા.ગત તારીખ ૬ ફેબ્રુઆરીના રોજ પોતાની મોટેલ પર હતા. એ સમયે કેટલાક અજાણ્યા ઈસમો મોટેલ પર આવી બંને દંપત્તી પર ગોળી ચલાવી ઘાતકી હત્યા કરી ફરાર થઈ ગયા હતા. અમેરિકાની પોલીસે ઘટના સ્થળ પર પહોંચીને સમગ્ર બાબતે તપાસ શરૂ કરી છે. ત્યારે તેમના પરિવારજનોના જણાવ્યાં મુજબ આ હત્યા કોઈ અંગત અદાવતમાં કરાઈ હોવાનું પ્રાથમિક અનુમાન છે. વધુ વિગત પોલીસ તપાસ બાદ બહાર આવે એમ છે.

# સાબરકાંઠા, અરવલ્લીના ૮ લાખ બાળકોને કૃમિ મુક્ત કરવાનું મેઘા અભિયાન

**શાળા અને આંગણવાડીમાં આરોગ્ય કર્મીઓ દ્વારા બાળકોને દવા પીવડાવવાનું શરુ**

બાયડ, તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આંગણવાડી અને શાળાનાં બાળકોને કુપોષણ અને




પાંડુરોગ ઉપરાંત પેટના દુખાવાથી મુક્તિ અપાવવા માટે કૃમિ દિવસની ઉજવણી અંતર્ગત કુલ-૮,૨૨,૫૦૫ બાળકોને કૃમિની દવા પીવડાવી કૃમિ મુક્ત કરવાનું મેઘા અભિયાન શરુ થયું છે. અઠવાડીયા સુધી ચાલનારા આ અભિયાનમાં આરોગ્ય કર્મીઓ દ્વારા શાળા અને આંગણવાડી કેન્દ્રમાં જઈ બાળકોને કૃમિનાશક દવા પીવડાવવાની શરુઆત થઈ છે. બાળકોના શરીરમાં કૃમિના કારણે તેમનો યોગ્ય વિકાસ થતો નથી. કુપોષણ અને પાંડુરોગ સહિત પેટમાં દુખાવાની બાળકોને સતત ફરિયાદો રહેતી હોય છે. ત્યારે રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શુક્રવારથી કૃમિ મુક્તિ અઠવાડીયાની ઉજવણી શરુ કરવામાં આવી. જેના ભાગરુપે જિલ્લાની આંગણવાડીઓ તેમજ શાળાઓનાં ૮,૨૨,૫૦૫ બાળકોને કૃમિથી મુક્ત કરવાનો લક્ષ્યાંક આરોગ્ય વિભાગ દ્વારા નક્કી કરવામાં આવ્યો છે. કૃમિના ચેપથી બાળકોમાં લોહીની ઉણપ, ભૂખ ન લાગવી, બેચેની, વજનમાં ઘટાડો તેમજ ઝાડા-ઊલટીની અસર રહેતી હોય છે. જેના નિરાકરણ માટે તા.૧૦ થી ૧૭ ફેબ્રુઆરી સુધી બંન્ને જિલ્લામાં રાષ્ટ્રીય કૃમિ મુક્તિ અઠવાડીયા અંતર્ગત શાળા અને આંગણવાડી કેન્દ્રોના સહયોગથી બાળકોને કૃમિનાશક દવા આલબેન્ડાઝોલની ગોળી નિશુલ્ક

કૃમિ મુક્તિનો લક્ષ્યાંક

| બાળકોની સંખ્યા | જિલ્લો |
|---|---|
| સાબરકાંઠા | ૪,૬૧,૫૦૫ |
| અરવલ્લી | ૩,૬૧,૦૦૦ |

આપવામાં આવી રહી છે. ૧ થી ૫ વર્ષના બાળકોને દવાનો આ ડોઝ આરોગ્ય કર્મચારીઓ રુબરુ જઈને પીવડાવી રહ્યા છે. જ્યારે શાળાએ ન જતા હોય તેવા બાળકોને પણ આશા બહેનો દ્વારા ઘરે જઈ દવા આપવામાં આવી રહી છે. જિલ્લાના બાળકોને કૃમિથી મુક્તિ અપાવવા માટેનું અભિયાન જોરશોરથી શરુ કરવામાં આવ્યું છે. એક અઠવાડીયામાં જ આરોગ્ય વિભાગ દ્વારા કૃમિ મુક્તિનો લક્ષ્યાંક પૂર્ણ કરવાના આયોજન સાથે કામગીરી શરુ કરવામાં આવી છે.


**ખેડૂતને મોત સામે દેખાયું : વન વિભાગ નિંદ્રાધીન....**

# ખેડૂતોના માથે મોત ભમી રહ્યું છે,ગોખરવાના ખેતરમાં ખેડૂત સામે દીપડો આવી ગયો વીડિયો

**મોડાસા પંથકમાં દીપડાના પરિવારે ધામા નાખ્યા, દીપડો માનવભક્ષી બની કોઈનો જીવ લે તે પહેલા પાંજરે પુરવામાં આવેની પ્રબળ માંગ : દીપડાની દહેશત વચ્ચે ખેડૂતો જીવના જોખમે ખેતરમાં ઉભા પાકને પિયત કરવા મજબુર**

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં અનેક વન્ય જીવો વસવાટ કરી રહ્યા છે છેલ્લા કેટલાક સમયથી બોલુન્દ્રાના ડુંગર વિસ્તારથી લઈ ગઢડાના જંગલમાં દીપડાનો પરિવાર લટાર મારવાની સાથે ખોરાકની શોધમાં પશુનું મારણ કરતા સમગ્ર પંથકમાં ખેડૂતો સહીત લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે વન વિભાગ તંત્ર દીપડાને પાંજરે પુરવામાં નિષ્ફળ રહેતા લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે દીપડો દેખાય તે વિસ્તારમાં પાંજરું મૂકી સંતોષ માની રહ્યું છે ગોખરવા ગામના પૂર્વ સરપંચ ખેતરમાં પાકને પિયત કરી રહ્યા હતા અને ઘઉંના ખેતરમાં સામે દીપડો જોવા મળતા ફફડી ઉઠ્યા હતા. મોડાસા તાલુકાના ગોખરવા ગામના પૂર્વ સરપંચ દિનેશભાઈ પરમાર શનિવારે સાંજના સુમારે તેમના ખેતરમાં પાકને પિયત કરવા ગયા હતા અને સામે ઘઉંના પાકમાં દીપડો સંતાઈ રહી શિકારની શોધમાં જોવા મળતા લીધો હતો ખેતરમાં દીપડો દેખાતા ખેડૂતો ઘર તરફ દોટ મૂકી હતી ગોખરવા પંથકમાં દીપડાએ ધામાં નાખતા ખેડૂતો ફફડી ઉઠ્યા છે દીપડાની દહેશતથી સમગ્ર પંથકમાં લોકો થર થર કાંપી રહ્યા છે



દિનેશભાઈ પરમાર દીપડાને જોઈ ફફડી ઉઠ્યા હતા અને ખેતરમાં પિયત બંધ કરી સુરક્ષિત સ્થળ પર ઉભા રહી ગયા હતા ઘઉંના ખેતરમાં છુપાઈ રહેલા દીપડાને મોબાઈલના કેમેરામાં કેદ કરી વનવિભાગ સતર્કતા દાખવી દીપડાને પાંજરે પુરે તેવી લોક માંગ પ્રબળ બની છે દીપડાને પાંજરે પુરવામાં વન વિભાગની ઉદાસીનતા સામે ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

# તલોદ તાલુકા ભાજપ સંગઠનની કારોબારી બેઠક યોજાઈ



તલોદ તા. ૧૨

તલોદ તાલુકા ભાજપ ભારતીય જનતા પાર્ટી ની તાલુકા કારોબારી સમિતી ની મીટીંગ પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર તલોદ તાલુકાના ભાજપ પ્રમુખ કલ્પેશ પટેલ અને જિલ્લા પંચાયત મહિલા અને બાળવિકાસ શાખા ના ચેરમેન રેખા બા ઝાલા,એ પી એમ સી ના ચેરમેન સંજય પટેલ જિલ્લા ઉપપ્રમુખ ભીખુ સિહ ઝાલા અનીયોડ સરપંચ અને જિલ્લા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ કનકસિંહ ઝાલા ની ઉપસ્થિતિ માં યોજવામાં આવી હતી આ બેઠક માં મોટી સંખ્યામાં કાર્યકરો સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક માં ઉપસ્થિત કાર્યકરો ને સંબોધતા જણાવ્યું હતુ કે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી અને ગુજરાત ના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ની ડબલ એન્જિન ની સરકાર દ્વારા ખેડૂતો અને નાગરિકો ના ઉત્થાન માટે શ્રેષ્ઠ કામગીરી કરવામા આવી રહી છે રાજ્ય અને કેન્દ્ર સરકાર ની વિવિધ યોજનાઓ ને પ્રજા લાભ લઈ શકે એ માટે પ્રજા સુધી યોજના લક્ષી માહીતી પહોચાડવા માટે કાર્યકરો ને અનુરોધ કર્યો હતો અને ભારત આજે વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે અને આદરણીય નરેન્દ્ર મોદી સરકાર સમગ્ર વિશ્વમાં ભારત શ્રેષ્ઠ નેતૃત્વ ની પ્રેરણા આપી રહ્યું છે આ બાબત લોકો સુધી પહોંચાડી સંગઠન ને વધુ મજબૂત બનાવવા માટે ભાર મૂકી કાર્યકરો પાસે સંગઠન ને મજબૂત બનાવવા માટે સૂચનો માગ્યા હતા અને કાર્યકરો તરફથી મળેલ સૂચનો ને અમલ કરવાની ખાત્રી આપી વિસ્તાર ના બાકી રહેલ વિકાસ ના કામો કરવા માટે સંકલ્પબધ્ધ હોવાનુ જણાવ્યું હતું.

# તલોદની ટ્રિનિટી સ્કૂલ ખાતે માતૃ પિતૃ પૂજન દીવસ ઉજવાશે

તલોદ તા ૧૨

સાબરકાંઠા જીલ્લા ના તલોદ ની શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર એવી ટ્રિનિટી સ્કૂલ ખાતે આગામી ૧૪ ફેબ્રઆરી ના દિવસને માતૃપિતૃ પૂજન દિવસ તરીકે ઉજવવામાં આવનાર છે. આ અંગે ટ્રિનિટી સ્કૂલ ના ટ્રસ્ટી ડૉ વસંત ભાઈ ધોળું એ જણાવ્યું હતુ કે આગામી ૧૪ ફેબ્રઆરી ના દિવસે સમગ્ર વિશ્વમાં પશ્ચિમ સંસ્કૃતિ નુ આંધળું અનુકરણ કરી ને વેલેન્ટાઈન ડે તરીકે ઉજવવામાં આવે છે ત્યારે તલોદ ની અમારી સંસ્થા ટ્રિનિટી સ્કૂલ ખાતે સંસ્થાના સ્થાપના કાળથી ૧૪ ફેબ્રઆરી ના દિવસે સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોના માતા પિતા ને સ્કૂલ માં આમંત્રણ આપી પોતાના બાળકના હસ્તે જ માતાપિતા નુ પૂજન કરી માતૃ પિતૃ પૂજન દીવસ તરીકે ઉજવવામાં આવનાર હોવાનુ જણાવ્યું હતું આ કાર્યક્રમ માં રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ભાઈ ડિંડોર , પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર અને હિંમતનગર વિધાનસભા બેઠક ના ધારાસભ્ય વી ડી ઝાલા ની પ્રેરક ઉપસ્થિતિ માં આ કાર્યક્રમ યોજાશે એવુ જણાવ્યું હતું

## અંબાજી ખાતે જય જલિયાણ સેવા કેમ્પનો પ્રારંભ

અંબાજી શક્તિપીઠ ગબ્બર ખાતે ૫૧ શક્તિપીઠ પાંચ દિવસીય મહોત્સવનો ધામધૂમ પૂર્વક આરંભ થયો છે વહેલી સવારથી જ માઈભક્તો ગબ્બર પરિક્રમા માટે ઉમટી પડ્યા હતા. આ અવસરે સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર શ્રી જલિયાણ સેવા કેમ્પ દ્વારા માઈભક્તો



નું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ અલ્પાહાર ની સુંદર વ્યવસ્થા ગબ્બર પરિક્રમા પથ કરવામાં આવી હતી. જય જલિયાણ સેવા કેમ્પના નું ઉદ્દઘાટન ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન અને શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત અને જિલ્લા કલેકટર આનંદકુમાર પટેલ ના હસ્તે કરવામાં આવ્યું હતું. પાલનપુરના ધારાસભ્યઅનિકેતભાઈ ઠાકર ડીસા ના ધારાસભ્યપ્રવીણભાઈ માળી અગ્રણી અમૃતભાઈ દવે એ હાજર રહી માઈ ભક્તોને પ્રસાદ પીર્યો હતો .આ બાબતે સેવાભાવી હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું કે વહેલી સવારથી જ લોકોએ ગબ્બર ની પરિક્રમા શરૂ કરી દીધી હતી તેઓમાં પરિક્રમાનો અનેરો આનંદ જોવા મળતો હતો દર વર્ષે જય જલીયાણ સેવા કેમ્પ દ્વારા દાંતા ખાતે અંબાજી પદયાત્રા દરમ્યાન કેમ્પ યોજવામાં આવે છે તેમાં લાખો લોકો ભોજન ગ્રહણ કરે છે આ ગબ્બર પરિક્રમા યાત્રામાં પણ અમોને સેવાનો લાભ મળ્યો છે માઈભક્તો અમારા કેમ્પમાં વિસામો કરે છે અને જય અંબેના નાદ સાથે પરિક્રમા પૂર્ણ કરી રહ્યા છે. સવારથી જ માઈ ભક્તોનો પ્રવાહ ૫૧ શક્તિપીઠ ની પરિક્રમા માટે શરૂ થયો છે.

# બનાસ સિવિલ હોસ્પિટલમાં જટિલ ગણાતા આંતરડાની નિ:શુલ્ક સફળ બાયપાસ સર્જરી કરાઈ

**પ્રાયવેટ હોસ્પિટલમાં લાખો રૂપિયામાં થતી સારવાર નિ:શુલ્ક કરી વીસમાં દિવસે રજા અપાઈ**

પાલનપુર તા.૧૨



ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ સિવિલ જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે તબીબી સેવામાં મોખરે છે. ત્યારે બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના કરશનપુરા ગામના રહીશ ૪૫ વર્ષીય મહિલાએ એકાદ મહિના અગાઉ એસીડ પીધું હતું. જેના કારણે પેટના ભાગમાં આંતરડા તેમજ જઠરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં કોઈપણ ખોરાક લીધા બાદ તરત જ ઉલટી થતી હતી.દર્દીની હાલત કફોડી જોતા સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો.સુનિલભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ સર્જરી વિભાગના ડોક્ટર દ્વારા દર્દીના રીપોર્ટ કરવાનું જણાવતા તમામ રિપોર્ટ કરાવ્યા બાદ જાણવા મળતા જઠર અને નાના આંતરડા વચ્ચે બ્લોકેજ જોવા મળતા દર્દીને વોર્ડમાં દાખલ કરી ખોરાક જઠર થી આગળ વધતો ન હોવાથી જઠર અને નાના આંતરડા વચ્ચે સર્જરી વિભાગના ડોક્ટર કલ્પેશ પટેલ તેમજ તેમની ટીમ દ્વારા બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ઓપરેશન પછી દર્દી એકદમ સ્વસ્થ થતા નોર્મલ રીતે ખોરાક ખાતું થયું હતું.

આ અંગે દર્દીના સગાએ ડોક્ટર તેમજ નર્સિંગ ટીમનો આભાર વ્યકત કર્યો હતો. દર્દી સપૂર્ણ સ્વસ્થ થતા રજા આપવામાં આવી હતી બનાસ મેડીકલના કોલેજના આદ્યસ્થાપક શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નો થકી બનાસ મેડીકલ કોલેજના ચેરમેન શ્રી પી.જે. ચૌધરી માર્ગદર્શન હેઠળ બનાસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે તમામ વિભાગોમાં ઉત્કૃષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે. તેમજ ભવિષ્યમાં વધુ આધુનિક સારવાર મળી રહે તે માટે નવા સાધનો વસાવવામાં આવી રહ્યા છે તથા ઓપરેશન થીયેટરો સુસજ્જ કરવામાં આવી રહ્યા છે જેથી બનાસકાંઠાની જનતાને અતિ આધુનિક અને સારા માં સારી સારવાર મળી રહેશે.

# ધાનેરા પોલીસે લવારા ગામ પાસેથી સ્મેક (હેરોઈન) ઝડપી પાડ્યું



ધાનેરા તા.૧૨

ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન લવારા ચોકી પાસે એક મોટર સાયકલ ૨,નં ય્ન-૦૮-ઝઊ-૦૭૨૩ નું મગરાવા બાજુથી ધાનેરા તરફ આવતા અને શંકાસ્પદ જણાતો તેની પુછપરછ કરી ચેક કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી નશીલો માદક પદાર્થ ૧૫.૫૦૦ ગ્રામ સ્મેક નીકળતાં અને બાઈક સાથે કિ.રૂ.૨.૫૦ લાખનો મુદામાલ કબજે કરી જેઓને ડ્રગ આપવાનું હતું એવા ૧૫ ઈસમોની વિરુદ્ધ પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે..(૧) હરેશભાઈ ઉર્ફે નટવરભાઈ ભેમાભાઈ ગલચર રહે.ધાનેરા (૨) વિલગીરી શીવગીરી ગણેશગીરી ગૌસ્વામી રહે.માલોત્રા (૩) સુનીલભાઈ નીખારામ બિશ્નોઈ રહે,અરણાય (રાજસ્થાન) (૪) કેરાજી રાજપુત રહે.ધાનેરા (૫) તુલસી પકોડીવાળા રહે,ધાનેરા (૬) દેશાભાઈ ઈશાભાઈ લુહાર રહે.ધાનેરા (૭) હીતેશભાઈ સોની રહે.ધાનેરા (૮) સહેજાદ મોગલ રહે,ધાનેરા (૯) આરીફ અબ્દુલ સાંઈ રહે.ધાનેરા (૧૦) શ્રવણભાઈ હીરાભાઈ માજીરાણા રહે.ધાનેરા (૧૫) મથુરભાઈ સેન (નાઈ) રહે.ધાનેરા (૧૨) રાજો શંકર રહે.ધાનેરા (૧૩) સંજય સતગારીયા રહે.ધાનેરા (૧૪) ઈશ્વર ભાઈ રબારી રહે.ધાખા (૧૫) સેધાભાઈ રાવતાભાઈ માજીરાણા રહે.થાવર (૧૬) રૂપાભાઈ વજીર રહે,ધાનેરા (૧૭) જીગરભાઈ બળવંતભાઈ સોલંકી રહે,ધાનેર વાળાઓ વિરુદ્ધ માદક પદાર્થ હેરોઈન ૧૫.૫૦૦ ગ્રામ કિ.રૂ ૧,૫૫,૦૦૦૬ તેમજ મોટર સાયકલ રજી નં ય્ન-૦૮-ઝઊ-૦૭૨૩ સાથે કુલ કિ,રૂ.૨,૫૦,૦૦૦/-નો મુદામાલ પકડીને ધાનેરા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરામાં ૨૧ દિવસથી ગોંધી રખાયેલા ૬૨ વર્ષિય વૃદ્ધાને મુક્ત કરાવી પરિવાર સાથે મિલન કરાયું

ધાનેરા તા.૧૨

સિક્કિમની ૬૨ વર્ષે ની વૃદ્ધા ધાનેરામાં એક મકાનમાં રાખવામાં આવી હતી. જેની જાણ ધાનેરાના એજ્યુકેશન ફાઉન્ડેશને જાણકારી મળેલ જેને લઈને એજ્યુફન ફાઉન્ડેશનના ટીમ સાથે તેમજ ૧૮૧ અભયમ હેલ્પલાઈન તેમજ પોલીસની મદદથી વૃદ્ધા ને મુક્ત કરાઈ અને પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરા એજ્યુફન ફાઉન્ડેશનના પ્રમુખ પારસ ભાઈ સોની જણાવ્યું છે કે સિક્કિમથી ચંદ્રકલા ઉંમર વર્ષ ૬૨ ગુમ થઈ હોવાના તેમને



લોકેશન સાથે મેસેજ આપવામાં આવેલ હતા .

આથી આ સંસ્થા ના પ્રમુખ તેમજ ટીમ સાથે લોકેશન પ્રમાણે મકાન માલિકે મહાકાળી ચોક માં આવેલ એક મકાનમાં ગોંધી રાખેલું જાણવા મળેલ આ અંગે લોકેશન પ્રમાણે ફાઉન્ડેશનની ટીમ રૂબરૂ ગયા હતા ત્યારે પોલીસને પણ જાણ કરી હતી જ્યારે પોલીસ આવતા હકીકત સામે આવી હતી જ્યારે પોલીસે આ વૃદ્ધા ને તેમના સિક્કમથી આવેલા પરિવાર તેમજ એડવોકેટ ને સુપ્રત કરી હતી પી આઈ એ ટી પટેલે જણાવ્યું હતું કે વૃદ્ધ મહિલા રાજી ખુશીથી કમલેશ ઉર્ફે હનીફ મીર ને ત્યાં આવેલ હોવાનું જણાવ્યું હતું આ બાબતે સેવાભાવી સંસ્થા એજ્યુફન ફાઉન્ડેશનના પ્રમુખ પારસ સોની તેમજ તેમની ટીમે મહેનત કરી અને આ વૃદ્ધ મહિલા ને પોલીસને સાથે રહીને પરિવારને સુપ્રત કરાઈ હતી.